# સી.આઈ.એસ.એફ. અધિકારી

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (અથવા સી.આઈ.એસ.એફ.) એ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળની અન્ય એક પાંખ છે. તે સૌથી મોટું ઔદ્યોગિક સુરક્ષા દળ છે. સી.આઈ.એસ.એફ. અધિકારીનો પ્રાથમિક ઉદ્દેશ્ય ઔદ્યોગિક એકમો જેમ કે ભારતીય અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ એવા પરમાણુ પાવર પ્લાન્ટની સાથે સાથે અન્ય મહત્વપૂર્ણ ક્ષેત્રોને સૈન્ય ગ્રેડ સુરક્ષા અને ચોવીસે કલાક સુરક્ષા પ્રદાન કરવાનો છે.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સહાયક કમાન્ડન્ટના પદ માટે UPSC દ્વારા દર વર્ષે ત્રણ તબક્કાએ લેવામાં આવતી CAPFની પરીક્ષા પાસ કરો.

૧. UPSC CAPF લેખિત પરીક્ષા

૨. શારીરિક ક્ષમતા કસોટી (PET) અને મેડિકલ ટેસ્ટ

૩. વ્યક્તિત્વ કસોટી / ઈન્ટરવ્યુ

**અથવા**

કોઈપણ કોર્સમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો જેના પછી તમે CAPFની પરીક્ષામાં બેસી શકો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક સી.આઈ.એસ.એફ. અધિકારીનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૧,૭૭,૫૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.gradepaysalary. in/2022/05/itbp-salary-pay-scale-of -constable-asi-all-posts.html

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ૯માંથી કોઈપણ એક ક્ષેત્ર (એરપોર્ટ, ઉત્તર, ઉત્તર-પૂર્વ, પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, તાલીમ, દક્ષિણ-પૂર્વ, મધ્ય) તેમજ ફાયર વિંગમાં પણ રોજગાર મેળવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગે બહારની કામગીરી કરવાની રહે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કમાન્ડન્ટ → ડેપ્યુટી કમાન્ડન્ટ → કમાન્ડન્ટ → ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડી.આઈ.જી.) → ઈન્સ્પેક્ટર જનરલ (આઈ.જી.) → એડિશનલ ડાયરેક્ટર જનરલ (એ.ડી.જી.) → વિશેષ નિયામક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી પોલીસ, ઈન્ડસ્ટ્રીયલ પોલીસ, ઈન્ડસ્ટ્રીયલ પોલીસ જોબ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સંરક્ષણ તાલીમી સંસ્થાઓ**

૧. રાષ્ટ્રીય ઔદ્યોગિક સુરક્ષા એકેડમી, હૈદરાબાદ, તેલંગાણા




મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**રશ્મિ બેદવાલ**- જેન્ડરને લગતી અડચણોને પાર કરીને, રશ્મી બેદવાલ સી.આઈ.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટ છે અને કર્ણાટકના કેમ્પેગોડા ઈન્ટરનેશનલ એરપોર્ટ (કે.આઈ.એ.) ટર્મિનલ પર સુરક્ષાનું દેખરેખ રાખે છે. તેણે એ ૨૦૧૩માં યુ.પી.એસ.સી. સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સીસ (સી.એ.પી.એફ.) સહાયક કમાન્ડન્ટની પરીક્ષા પાસ કરી અને પુરૂષોનું પ્રભુત્વ ધરાવતા ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવી.*

સ્ત્રોત:https://thelogicalindian.com/tags/Rashmi-Bedwal

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.